**રે. દીવાની કેસ નં.: ૨૩૧/ ૨૦૨૧**

**E x . _ _ _ _ _ _**

## *આંક – ૫ લગત હુકમ*

**વાદી તરફે – વિધ્વાન વકીલશ્રી પી. વી. ગોહેલ**

**પ્રતિવાદીઓ તરફે – વિધ્વાન વકીલશ્રી એમ. સી. બોરીચા**

વાદીના દાવાની ટુંકમા હકીકત :-

૧. વાદીએ હાલનો દાવો પ્રતિવાદીઓ વિરૂધ્ધમાં વિજ્ઞાપન તથા કાયમી મનાઈ હુકમ મેળવવા માટે દાખલ કરેલ છે અને તેઓએ સદર દાવા લગત આંક-૫ ની કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવા સારૂ અલગથી અરજી આપેલ છે . જે અરજીની હકીકત અરજીમાં જણાવેલ હોય તેની અત્રે ચર્ચા કરવામા આવતી નથી પરંતુ આંક-૫ ની અરજી લગત વાદીએ દાદ માંગેલ છે કે, "વાદીની માલીકીનુ મકાન તળાજા તાલુકાના હબુકવડ ગામે આવેલ હોય તે વાદીના કબજા, ભોગવટામાં દખલગીરી કરવા તથા પ્રવેશ કરવા પ્રતિવાદીઓને કોઈ પણ પ્રકારે હકક, હિત, અધિકાર નહીં હોવાનું તથા સદરહુ મકાન વાદીની માલીકી, કબજા, ભોગવટામાં પ્રતિવાદીઓ કોઈપણ પ્રકારે અટકાયત રૂકાવટ કરે નહીં તેમજ મકાનમાં પ્રવેશ કરે નહીં, કબજો જમાવે નહીં તેવો દાવાના આખરી નિકાલ સુધી વચગાળાનો મનાઈ હુકમ આપવા મહે.કરશોજી." વાદીએ તેઓની અરજીના સમર્થનમાં નિ.૪/૧ થી

૪/૬ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. જેની ચર્ચા નીચે જરૂર પડે હું મારા કારણોમાં કરીશ.

૨. સદર વાદીનો દાવો દાખલ થતા આ કામના પ્રતિવાદીઓને દાવાનું સમન્સ/નોટીસ કાઢતા જે તેઓને બજતા આ કામના પ્રતિવાદીઓ તેઓના વિ.વ.શ્રી મારફતે ના.કોર્ટમાં હાજર થયેલા અને વાદીની દાવા અરજી અને મનાઈ હુકમની અરજીનો સયુંકતમાં આંક-૧૨ થી જવાબ રજુ રાખી તેઓએ જણાવેલ છે કે, વાદીના દાવા અને મનાઈ હુકમની અરજી ખરી અને કાયદેસરની ન હોય રદ થવાને પાત્ર છે. વાદીનો દાવો તથા મનાઈ હુકમની અરજી કાયદાની દ્રષ્ટીએ ટકવાપાત્ર નથી. તેમજ વાદીને દાવો કરવા કયારેય જસ્ટીશીએબલ કોઝ ઓફ એકશ્ન પણ ઉભું થયેલ નથી. વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીમાં જે હકીકતો જણાવેલ છે તેનો પ્રતિવાદીઓ કબુલ ન કરીએ તે હકીકતનો સપષ્ટપણે ઈન્કાર સમજવો. વાદી હાલનો દાવો સત્ય હકીકતો છુપાવીને જુઠી અને બનાવટી હકીકતોના આધારે લઈને આવેલ છે. વાદીના દાવાને હકુમતનો બાધ, ડીલે લેચીઝ તેમજ લીમીટેશન એકટનો પણ બાધ નડે છે.

વધુમાં પ્રતિવાદીઓ જણાવે છે કે પ્રતિવાદીઓ જણાવે છે કે દાવા વાળા મકાનમાં આજથી ૬૦ થી ૭૦ વર્ષથી માતાજીનો મઢ છે અને લોકો ત્યાં દર્શન કરવા માટે જ આવતા જતા હોય છે. હાલ દાવા વાળા માતાજીના મઢ વાળુ મકાન હબુકવડ ગ્રામ પંચાયતમાં આકારણી નં.૧૧૭ થી નોંધાયેલ છે. તે માતાજીનો મઢ હોવાથી તે

કરવેરા મુક્ત છે. તેમજ હાલમાં વાદવાળા મકાનમાં સ્થળ ઉપર કોઈ બાંધકામ કરેલ નથી તેમજ હાલમાં શરૂ પણ નથી. વાદી દ્રારા સરકારી અધિકારીઓ જેવા કે હબુકવડ ગ્રામ પંચાયત તલાટી મંત્રી, તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર કચેરીના અધિકારીઓ પર ખોટા આક્ષેપ કરવામાં આવ્યા છે. પોલીસ ઈન્સપેકટર સાહેબના રીપોર્ટ મુજબ ત્યાં કોઈપણનો કબજો નથી અને કોઈ પણ જાતનું તાળું મારવામાં આવતુ નથી. પ્રતિવાદઓ વાદીને ત્યાં જતા કયારેય અટકાવતા નથી. દાવાવાળી મિલકતમાં ફકત પુજાપાઠ કરવામાં આવે છે અને ત્યાં પ્રવેશવાં માટે પ્રતિવાદીઓએ કયારેય કોઈને અટકાવેલા નથી.

પ્રતિવાદીઓના કથન મુજબ જો વાદીના જણાવ્યા મુજબ દાવાવાળુ માતાજીના મઢવાળુ મકાન વડીલોની મિલકત હોય તો હિન્દું ઉતરાધિકાર અધિનીયમ – 1956 મુજબ હિન્દું અવિભાજીત કુટુંબમાં જન્મેલ વ્યકિતનો તેની પૈતૃક સંપતિ પર કાનુની અધિકાર છે તેથી જન્મથી કોપાર્સનર (સંયુકત વારસ) છે. જેમાં વડીલોપાર્જીત મિલકત ત્રણ પેઢી સુધી કોપર્સનરી મિલકત ગણાય. તેથી પ્રતિવાદી નં.૪ અને ૫ ના ઓનું તે મિલકતમાં વાદી જેટલોજ હકક હિસ્સો હોય અને તેથી વાદી તે મિલકતમાં પ્રતિવાદીઓને જતા અટકાવી શકે નહીં. પ્રતિવાદીઓ તરફે તેઓના જવાબના સમર્થનમાં માર્ક–૧૩/૧ થી ૧૩/૪ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. જેની ચર્ચા નીચે જરૂર પડે હું મારા કારણોમાં કરીશ.

૩. ત્યારબાદ સદર કામમાં વાદી તથા પ્રતિવાદીઓ તરફે સદર આંક –૫ ની અરજી લગત બન્ને પક્ષના વિ .વ.શ્રીઓની મૌખિક દલીલો વિસતાર પૂર્વક સાંભળવામા આવેલ છે.

૪. બન્ને પક્ષકારોની તકરાર ધ્યાને લેતા સદરહુ અરજીનાં ન્યાયિક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત કરેલ છે–.

૧) શું વાદી સાબિત કરે છે કે, તેઓનો પ્રથમ દર્શનીય કેસ છે?

૨) શું વાદી સાબિત કરે છે કે , સગવડતા–અગવડતાની સમતુલા તેમની તરફેણમાં છે?

૩) શું વાદી સાબિત કરે છે કે જો વચગાળાનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો તેઓને નાણામાં માપી ન શકાય તેવું નુકશાન થવા પામે તેમ છે?

૪) શું હુકમ?

૫. ઉપરોક્ત મુદ્દાઓનાં મારા ન્યાયિક નિર્ણય નીચે મુજબ છે.

૧) નકારમાં

૨) નકારમાં

૩) નકારમાં

૪) અંતિમ હુકમ મુજબ

**:: કા ર ણો ::**

૬. કામચલાઉ મનાઈ હુકમ અને વચગાળાનાં હુકમો સી.પી.સી. ઓ.૩૯, રૂલ.૧૦ અન્વયે કરવામાં આવે છે . હાલનાં દાવામાં વાદી દ્વારા

સી.પી.સી. ઓ.૩૯, રૂલ.૧ અને ૨ અન્વયે દાવો ચાલતા દરમ્યાન નિયમઃ–૧ જેમાં કામચલાઉ મનાઈ હુકમ આપી શકાય તેવા કેસ–

એ. દાવાનો કોઈપણ પક્ષકાર દાવામાંની કોઈપણ તકરારી મિલકત વેડફી નાંખી કંઈ નુકશાન કરશે અથવા તે કોઈને આપી દેશે અથવા કોઈ હુકમનામાની બજવણીમાં તે ગેરવ્યાજબી રીતે વેચાશે એવી દહેશત છે, અથવા,

બી. પોતાનાં લેણદારોને દગો દેવાનાં ઉદ્ધેશથી પ્રતિવાદી પોતાની મિલકત ખસેડવાની અથવા તેનો નિકાલ કરી નાંખવાની બીક બતાવે છે , અથવા તેમ ઈરાદો રાખે છે, અથવા

સી. દાવામાં તકરારી મિલકત સબંધમાં , વાદીનો કબજો છોડાવી દેવાની અથવા બીજી રીતે વાદીને નુકશાન પહોંચાડવાની પ્રતિવાદી ધમકી આપે.

ઉપરોક્ત સંજોગોમાં હુકમ કરીને ન્યાયાલય એવું કાર્ય થતું અટકાવવા માટે કામ ચલાઉ મનાઈ હુકમ આપી શકે છે અથવા તે દાવાનાં નિકાલ થતાં સુધી અથવા બીજો હુકમ થતાં સુધી તે મિલકત વેડફાઈ જતી હોય તેને નુકશાન થતું હોય તે બીજાને આપી દેવાતી હોય, તે ખસેડાતી હોય અથવા તેનો નિકાલ થતો હોય તો તે બંધ રખાવવા તથા અટકાવવા માટે અથવા દાવામાંથી તકરારી મિલકતનાં સબંધમાં વાદીનો કબજો છોડાવી દેવા અથવા અન્યથા નુકશાન પહોંચાડવા માટે પોતાને યોગ્ય લાગે તેવો બીજો હુકમ કરી શકે છે.

૭. ઉપરોક્ત પરવ્યુમાં રહીને ઉપરોક્ત મુદ્દાઓનાં મારા ન્યાયિક નિર્ણયનાં કારણો સવિસ્તાર નીચે મુજબ છે.

**મુદ્દાનં.૧ થી ૩ ની ચર્ચાઃ-**

૮. સદર અરજીની વિષયવસ્તુ તેમજ દાવાનું સ્વરૂપ તેમજ ઉભયપક્ષોની દલીલો ધ્યાને લેતા મુદ્દા નં .૧ થી ૩ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલ હોય પુનરાવર્તન ટાળવાનાં એકમાત્ર હેતુથી સદરહુ ત્રણેય મુદ્દાઓની ચર્ચા એકીસાથે કરેલ છે.

૯. મનાઈ હુકમના મુખ્યત્વે ત્રણ તત્વો ૧) પ્રાઈમાફેસી કેસ, ૨) બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને ૩ ) ઈરીપેરેબલ લોસ કોની તરફેણમાં આકર્ષાય તેની ચર્ચા કરવામાં આવે છે.

૧૦. વાદીએ સદર અરજીમાં જણાવયા મુજબ દાવાવાળી મિલકત વાદીની બાપદાદાની વડીલોપોર્જીત મિલકત છે કે જે હબુકવડ ગ્રામ પંચાયતમાં તેઓના પિતાના નામે નોંધાયેલ છે. વધુમાં વાદી જણાવે છે કે પ્રતિવાઈઓ દ્વારા સરકારી અધિકારીઓ જેવા કે હબુકવડ ગ્રામ પંચાયતના તલાટી મંત્રી, તાલુકા પંચાયતના અધિકારીઓ, મામલતદાર કચેરીના અધિકારીઓ સાથે મીલીભગત કરીને વાદીની માલીકીના મકાનની નોંધ માતાજીના મઢ તરીકે ગ્રામ પંચાયતમાં ગેરકાયદેસર રીતે પડાવેલ છે. વાદીએ તેઓના કેસ સાબીત કરવામાટે દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે જે પૈકી માર્ક ૪/૧ ધ્યાને લેતા જણાઈ આવે છે કે શ્રી વશરામ પાલાએ વેરાની રકમ ભરેલ હોય તે અનવ્યેની પહોંચ રજુ કરેલ છે. સદરહું પહોંચ જોતા જમણી બાજુ નોંધ કરેલ છે કે

"વિશ્રામ પાલાના નામે સુરા કરસન દ્બારા ભરવામાં આવેલ વેરા પાવતી. " વધુમાં અનુક્રમે માર્ક ૪/૫ અને માર્ક ૪/૬ થી ગ્રામ પંચાયત દ્બારા અપાયેલ પ્રમાણપત્ર અને દાખલો રજુ કરેલ છે.

૧૧. ત્યારબાદ પ્રતિવાદીઓ તરફે રજુ કરેલ દસ્તાવેજી પુરાવાં ધ્યાને લેતા સ્પષ્ટ પણે જણાઈ આવે છે કે દાવાવાળી મિલકતનો નામ "***માતાજીનો મઢ***" તરીકે સરકારી ચોપડામાં નોંધાયેલ છે. વાદી દાવાવાળી મિલકનો માલીક છે કે દાવાવાળી મિલકત વડીલોપાર્જીત છે તેવી ખાતરી કરાવતો કોઈપણ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં હાલના તબક્કે નિષ્ફળ ગયેલ છે. કરવેરાની પહોંચના આધારે મિલકતની માલીકી સાબીત થઈ શકે નહીં. વધુમાં વાદીના કથન મુજબ પ્રતિવાદીઓએ દાવાવાળી મિલકતમાં ગેરકાયદેસરનું બાંધકામ કરેલ છે પરંતુ આ હકીકત સાબીત કરવામાં પણ વાદી નિષ્ફળ ગયેલ છે. પ્રતિવાદીઓના કહેવા મુજબ દાવાવાળી મિલકતનું પોલીસે રીપોર્ટ કરી આપેલ જેમાં પણ કોઈપણ જાતના ગેરકાયદેસર બાંધકામનું વર્ણન કરવામાં આવેલ નથી.

૧૨. આમ સ્પષ્ટ રીતે ફલીત થાય છે કે વાદી પોતે જ સાચી હકીકત છુપાવીને મોઘમ હકીકતો ઉપર આધાર રાખી હાલની અરજી લઈને આવેલાનું પ્રથમ દર્શનીય રીતે રેકર્ડપરથી જણાઈ આવે છે. આવા સંજોગોમાં વાદીનો કોઈ પ્રથમ દર્શનીય કેસ નથી તેવું જણાય છે. આમ, આ કામના વાદી દ્બારા સદરહુ મિલકત તેઓની માલીકીની છે તે સંબંધે કોઈ પુરાવો રજુ રાખેલ નથી કે વાદગ્રસ્ત મિલ્કત તેઓની

માલીકીની આવેલ છે તે દર્શાવતો કોઈ પુરાવો રેકર્ડમાં રજુ રાખેલ નથી. જેથી રેકર્ડપર આવેલ હકીકતો તથા બન્ને પક્ષો તરફે રજુ થયેલ પુરાવાઓ ધ્યાને લેતા સદર કામના વાદી હાલની અરજી જે હકીકત ઉપર આધાર રાખી લઈને આવેલ છે તે હકીકત સાબીત કરવાની પ્રથમ દર્શનીય જવાબદારી તેઓના શીરે છે અને તેઓનો પ્રાઈમાફેસી કેસ છે તે પણ સાબીત કરવાની જવાબદારી તેઓના શીરે છે પરંતુ આ કામે અગાઉ ચર્ચા કર્યા મુજબ વાદી તરફે એવો કોઈ પ્રથમ દર્શનીય પુરાવો હાલની અરજીના નિર્ણય સારૂ રેકર્ડમાં રજુ રાખવામાં આવેલ નથી કે જેમાંથી એ હકીકત માની શકાય કે વાદગ્રસ્ત મિલ્કત વાદીની માલીકીને છે અને પ્રતિવાદીઓએ ત્યાં ગેરકાયદેસરનું બાંધકામ કરેલ છે. તેવા સંજોગોમાં વાદીને કોઈ પ્રાઈમાફેસી કેસ હોવાનું જણાઈ આવતુ નથી અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં નથી. તેથી ઉપરોક્ત તમામ કારણો અને સંજોગો લક્ષમાં લઈ મુદ્દા નં.૧ થી ૩ નો જવાબ નકારાત્મક આપવામાં આવેલ છે. અને તે આધારે મુદ્દા નં.૪ નો જવાબ નીચે મુજબ આખરી હુકમથી આપવામાં આવે છે.

**:: હુ ક મ ::**

૧. વાદીની હાલની આંક –પની કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

૨. અરજીનો ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

હુકમ આજ રોજ તા .૦૯ મી સપ્ટેમબર–૨૦૨૪ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી કોર્ટનું સીલ તથા મારી સહી કરી જાહેર કર્યો.

તા.: ૦૯/૦૯/૨૦૨૪
સ્થળ: તળાજા

( **<u>ચન્દ્ર શેખર રાજવીર શર્મા</u>** )
એડીશ્નલ સીવીલ જજ એન્ડ જે.એમ.એફ.સી.
તળાજા
કોડ નં.– જીજે–૦૧૫૬૨